Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.



પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

આત્મ સંવત ૯૩ ચૈત્ર પુસ્તક : ૮૪
વીર સંવત ૨૫૧૩ એપ્રીલ અંક : ૬
વિક્રમ સંવત ૨૦૪૩ ૧૯૮૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી વીરજિનેશ્વર સ્તવન | શ્રી જંબૂવિજયજી મહારાજ | ૮૧ |
| (૨) | ચરમ તીર્થાધિપતિ મહાવીર પરમાત્મા | સં. શ્રી હીરલાલ બી. શાહ | ૮૨ |
| (૩) | નવધા ભક્તિનું સ્વરૂપ | પૂ. આ. શ્રી કુંદકુંદસૂરિજી મ સા. | ૮૫ |
| (૪) | વીર જિનેશ્વર કેરો શિષ્ય | કે. જે. દોશી | ૮૮ |
| (૫) | ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરિ ( શ્રી આત્મારામજી મહારાજ ) | સં. શ્રી હીરાલાલ બી. શાહ | ૯૦ |
| (૬) | ચિંતન મધુ | — | ૯૩ |
| (૭) | સમાચાર | — | ૯૫ |


આ સભાના નવા આજીવન સભ્ય

## ૧. શ્રી જશવંતરાય મુળચંદ વોરા–ભાવનગર
## ૨. શ્રી પ્રબોધચંદ્ર શાન્તીલાલ–ભાવનગરવાળા (મુલુન્ડ–મુંબઇ

## મહાવીરના બોધને પાત્ર કોણ?

૧ સત્પુરૂષના ચરણનો ઇચ્છક,
૨ સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી,
૩ ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર,
૪ બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન,
૫ જયારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર,
૬ ઉપયોગથી એક પળ પણ ભરનાર,
૭ એકાંત વાસને વખાણનાર,
૮ તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી,
૯ આહાર. વિહાર, નિહારનો નિયમી,
૧૦ પોતાની ગુરૂતા દબાવનાર,

એવો કોઇપણ પુરૂષ તે મહાવીરના બોધને પાત્ર છે. સમ્યક્ દશાને પાત્ર છે. પહેલા જેવું એકકે નથી

— શ્રીમદ રાજચંદ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





શ્રી દાદાસાહેબ જિનાલય મંડન
શ્રી મહાવીર સ્વામી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





શ્રી આત્મારામજી મહારાજ સાહેબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૪ ] ● વિ. સં. ૨૦૪૩ ચૈત્ર : એપ્રિલ-૧૯૮૭ ● [ અંક : ૬

# શ્રી વીરજિનેશ્વર સ્તવન

રચયિતા :- શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ

સદા ગુણ ગાઉં મૈં તેરા, પ્રભુ મહાવીર જિનરાયા;
કરૂં મૈં ભક્તિ સે સેવા, ભજૂં વીતરાગ! તુઝ પાયા.
ન દેખી એસી મુખમુદ્રા, જગતમેં ઢુંઢ ફિર આયા;
પ્રભુ! તુઝ મૂર્તિ દર્શનસે, અતિ આનંદ દિલ છાયા.
જિણંદા ત્રિશલાનંદા! મુઝે તૂં એક દિલ ભાયા;
જપૂં મૈં નામ નિત તેરા, નમૂં મૈં નિત્ય તુઝ પાયા.
જગાકે આત્મ જ્યોતિકો, હટા દો મોહ કી માયા;
છુડા દો દુઃખ હે સ્વામી! અતિ મૈં દુઃખ સબ પાયા.
મિટા દો જન્મ-મરણોકી, અનાદિ ફેરી જિનરાયા;
કરો ઉદ્ધાર જંબૂ કા પ્રભુ! તેરે શરણ આયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચરમ તીર્થાધિપતિ મહાવીર પરમાત્મા

સં. શ્રી હીરાલાલ બી. શાહ



ભગવાન શ્રી મહાવીર સ્વામીજીનો આત્મા પ્રાણુત નામના દશમા દેવલોકમાં વીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી આ જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં અષાડ સુદ ૬ના મંગળ દિવસે માતાની કુક્ષીમાં આવ્યા. પૂર્ણકાળે શ્રી સિદ્ધાર્થ મહારાજાના શ્રી ત્રિશલાદેવી મહારાણીની કુક્ષીએ ચૈત્ર સુદ ૧૩ની મધ્યરાત્રીએ જન્મ થયો. જન્મ થતાં ૫૬ દિગ્કુમારીઓએ શૂચિકર્મ કર્યું. ૬૪ ઈન્દ્રોએ પ્રભુને મેરૂગિરિશ્વર ઉપર લઇ જઇને અભિષેકાદિ કરીને જન્મ મહોત્સવ કર્યો.

જન્મથી પ્રભુ ત્રણ જ્ઞાનના જાણકાર હતા. પ્રભુનુ જ્ઞાન, વીર્ય, પરાક્રમ વગેરે અદ્ભુત હતાં. પ્રભુની તેજકાંતિ કોઈ અલૌકિક સૂર્યને ટપી જાય તેવી હતી. ભોગાવલી કર્મોને ઉચ્ચ કોટિના વિરાગ ભાવે ભોગવી જાણ્યા

માતાપિતાએ પ્રભુનું નામ વર્ધમાનકુમાર રાખ્યું. દેવોથી પણ પ્રભુ ભય નહિ પામવાથી પ્રભુનું નામ દેવોએ મહાવીર રાખ્યું. ઘોર પરિષહો અને ઉપસર્ગો સહન કરવાથી શ્રમણ પણ કહેવાયા. માતાપિતા સ્વર્ગસ્થ થતાં સંયમ માટે તૈયાર થયા. વડિલ બંધુ નંદિવર્ધનના આગ્રહે ઔચિત્ય સાચવીને બે વરસ નિરાંભપણે મહેલમાં રહ્યા. ૩૮૮ ક્રોડ ૮૦ લાખ દિનારનું અદ્ભુત વર્ષીદાન દઇ ત્રીસમા વર્ષે કારતક વદ ૧૦ના પવિત્ર દિવસે શ્રી મહાવીરસ્વામીજીએ સંયમનો સ્વીકાર કર્યો. સાડાબાર વરસ સુધી અતિ ઘોર આશ્ચર્યકારી તપશ્ચર્યા કરી અનેક ઉપસર્ગો પરિષહો અદીનપણે સહન કર્યા. ચોવીશે તીર્થંકર ભગવંતોએ કરેલા અભિગ્રહો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ બહુવિધ પ્રકારના છે. શ્રી મહાવીર દેવે કરેલા નિમ્નોક્ત પાંચ અભિગ્રહો અધિક છે.

૧. રહેવાથી અપ્રીતિ ઉત્પન્ન થાય તેવા ગૃહસ્થને ઘેર કે કોઈ પણ સ્થળે નિવાસ કરવો નહિ. ૨. અપ્રતિબદ્ધ વિહાર ૩. મૌનપણે આત્મધ્યાનમાં સ્થિર રહેવું. ૪. હસ્તકર પાત્રમાં આહાર લેવો. ૫. ગૃહસ્થોના અભ્યુત્થાનાદિ વિનય કરવો નહીં.

શ્રી ચંદનબાળાને હાથે પારણુ થયું તે તપના અભિગ્રહને મહાઅભિગ્રહ કહેલ છે. તે અભિગ્રહ લગભગ નીચે મુજબ હતો.

"રાજકુમારી કુંવારી કન્યા, અઠ્ઠમતપ, હાથે-પગે બંધન, માથે મુંડન, આંખમાં આંસુ, અને ઉંબરમાં બેઠેલી હોય તેવી કન્યાના હાથેથી ભિક્ષા લેવી." પ્રભુનો આ મહાઅભિગ્રહ પાંચ માસ અને પચીસ દિવસના તપને અંતે પૂરો થયો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતો. શ્રી મહાવીર દેવનો આ અભિગ્રહ દધિવાહન રાજાની કુંવરી ચંદનબાળા દ્વારા પૂરો થતાં પ્રભુ મહિમાએ તે સ્થળે પંચદિવ્ય પ્રગટ થયા ચંદનબાળાના હાથપગના બંધનો દેવ સહાયે દિવ્ય અલંકાર થયા હતાં. મુંડિત મસ્તક પર દેવ સહાયે સુંદર દિવ્યવાળ ઉત્પન્ન થયાં હતાં. ચંદનબાળા શ્રી મહાવીર ભગવાનના પ્રથમ પ્રવર્તિની સાધ્વી બન્યા અને અનુક્રમે સકલ કર્મક્ષયે અનંત શિવસુખના ભોકતા બન્યા.

શાસન નાયક ચરમ તીર્થપતિ દેવાધિદેવ શ્રી મહાવીર ભગવાનના બાર વરસ અને સાડા છ માસના છદ્મસ્થ કાળમાં થયેલ તપ નીચે મુજબ છે.

| | |
|---|---|
| છમાસી તપ | ૧ |
| પાંચ દિવસ ન્યૂન છમાસી તપ | ૧ |
| ચાર માસી તપ | ૯ |
| ત્રણ માસી તપ | ૨ |
| અઢી માસી તપ | ૨ |
| બે માસી તપ | ૬ |
| દોઢ માસી તપ | ૨ |
| માસખમણ તપ | ૧૨ |
| ૧૫ દિવસનું તપ | ૭૨ |
| ભદ્ર, મહાભદ્ર અને સર્વતોભદ્ર | ૧ |
| તપસ્યા બે-ચાર-દશ ઉપવાસની | |
| અઠ્ઠમ તપ | ૧૨ |
| છઠ્ઠ તપ | ૨૨૯ |

ત્રણસો ઓગણપચાસ પારણાના દિવસો હતા.

અપૂર્વ પુરૂષાર્થ કરતાં શુકલ ધ્યાનનું ધ્યાન કરતા ચારઘાતી કર્મોનો ક્ષય થતા વૈશાખ શુદ દશમને પવિત્ર દિવસે, જાંભિકાનગરીની બહાર, ઋજુવાલુકા નદીને કિનારે, શાલવૃક્ષ નીચે પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. વૈશાખ શુદ અગીયારસને દિવસે અનંત ઉપકારક મહાશાસનની સ્થાપના કરી. સમગ્ર જગત સમક્ષ મહાસ સ્ફૂર્તિ વહેતી મૂકી. "આત્મા છે." "અનાદિ કર્મસંયોગ છે. પુણ્ય–પાપનો ભોકતા છે. કર્મોને ફુગાવી શકે છે. કર્મોને ફગાવીને ચિદાનંદ સ્વરૂપ બની શકે છે."

બંધન મમતાનું છે. મમતા, ધન, કુટુંબ, પરિવાર, સત્તા આદિની હોય છે તે આત્માને મારક છે. સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે. વિષય કષાય એજ સંસાર, પાંચે ઈદ્રિયોના વિષયોની ઈચ્છામાંથી કષાય પ્રગટે છે. માટે ભૌતિક સુખ, સુખેચ્છા, સુખપ્રાપ્તિ, સુખરક્ષણ આ બધું ભૂંડુ લાગે તે સર્વદા સુખી બને.

બે પ્રકારના ધર્મ બતાવ્યા. સાધુધર્મ અને અને ગૃહસ્થ ધર્મ. સાધુ ધર્મ માટે પાંચ મહાવ્રતોનું પાલન કરવું. ગૃહસ્થ ધર્મ માટે પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો, અને ચાર શિક્ષાવ્રતોનું પાલન કરવું. બન્ને ધર્મના મૂળમાં સત્યની ચાહના, સત્યની ઓળખ, સત્યનું પાલન થાય એટલે સમ્યગ્દર્શનની પ્રાપ્ત થાય એટલે જીવાદિ નવતત્ત્વોમાં શ્રદ્ધા થાય, પછી સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર પામીને આત્મા મોક્ષે જાય.

ગૌતમ ગોત્રીય ઇન્દ્રભૂતિ આદિ ૧૧ પંડિત વિપ્રોને વેદના શુદ્ધ અર્થ બતાવી અને મનની શંકાનું નિરાકરણ કરી ૧૪૪૪ છાત્રો સાથે દિક્ષા આપી. અગીયારે વિપ્રોને ગણધર બનાવ્યા અને છાત્રો તેમના શિષ્ય બન્યા. શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. "ઉપ્પન્નેઈ વા વિગમેઇ વા ધુવેઈવા" આ ત્રિપદી પ્રભુ પાસેથી સાંભળીને બીજ બુદ્ધિના પ્રતાપે ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી. જેમાં વિશ્વ સમસ્તનું સર્વપદાર્થનું મહાવિજ્ઞાન વિગેરેનું તત્ત્વજ્ઞાન જણાવ્યું. શ્રી મહાવીર દેવના ગણધરના નામો નીચે મુજબ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧. ઇન્દ્રભૂતિ (ગૌતમસ્વામી મહારાજ). ૨. અગ્નિભૂતિ. ૩. વાયુભૂ'ત. ૪. વ્યક્ત. ૫. સુધર્મા. ૬. મંડિતપત્ર ૭. મૌર્યપુત્ર. ૮. અકંપિત. ૯. અચલભ્રાતા. ૧૦. મેતાર્ય. ૧૧. પ્રભાસ.

શ્રી જિનેશ્વર દેવોએ પ્રવર્તાવેલ શાસન એ એકજ જગતમાં તારક તીર્થ છે. જે જગતના જીવો માટે અતિ જરૂરી શાસન છે. જગતમાં પ્રવર્તતા અનેક શાસનોમાં શ્રી જિનશાસન આત્મ-તારક શાસન છે અને જિનેશ્વર-દેવો તારકદેવ છે. તેવી સાચી સમજણ પૂર્વક વ્યંતર દેવ નિકાયના યક્ષ વિભાગના દેવદેવીઓ શ્રી જિનશાસનનું સેવાકાર્ય અતિ હર્ષ પૂર્વક સંભાળે છે. જે શાસન જરૂરી છે તેનુ જતન કરવાનું પણ જરૂરી છે એમ માનીને શાસન રક્ષક યક્ષ અને યક્ષિણીઓ શાસન પર આવતાં વિઘ્નો દૂર કરે છે. મહાવીર તીર્થંકર ભગવંતના શાસન રક્ષક યક્ષનું નામ માતંગ હતું અને શાસન રક્ષક યક્ષિણીનું નામ સિદ્ધાયિકા હતું.

અંતીમ સોળ પ્રહર સુધી પ્રભુએ અખંડ દેશના આપી ભાવિ ભાવને પ્રદર્શિત કર્યો.

આગામીકાળનું સ્વરૂપ જણાવી ૭૨ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય પૂર્ણ કરી શૈલેશીકરણ કરી સર્વકર્મ મુક્ત, સિદ્ધ, બુદ્ધ, નિરંજન નિરાકાર બન્યા. આસો વદ અમાસની રાત્રીએ પ્રભુ નિર્વાણ પામ્યા હતા. પ્રભુએ બતાવેલો મુક્તિપુરીનો માર્ગ હજુ ચાલુ છે અને અનેક આત્માઓ પ્રભુએ ઉપદેશેલ ધર્મનું પાલન કરતાં આત્મ-કલ્યાણ સાધી રહ્યા છે.

॥ ક્રોડ ક્રોડ વંદન હો શ્રી મહાવીરસ્વામિને ॥

## વિનમ્રતા

મનની કોમળતા જીવનની મીઠાશ છે. મધની મીઠાશ જ્યારે વાણીમાં ઊતરે છે ત્યારે તે નિનમ્રતા કહેવાય છે. ફુલની કોમળતા જ્યારે હૃદયમા આવ છે ત્યારે જીવનમાં વિનય પ્રવેશ કરે છે. અને ત્યારે જ જીવનની પ્રત્યેક ક્રિયામાં તે સાકાર થાય છે.

અહંકાર દેવતાને શેતાન બનાવે છે. ત્યારે વિનમ્રતા શેતાનને દેવ બનાવે છે. વિનમ્રતા એ દેવતાઇ પાંખ છે, જે જીવનને ઊંચે લઇ જાય છે.

જીવનનો કાંઇક એવો નિયમ છે કે માનવી નમીને જ આગળ વધે છે. જે ઘડો પાણીમાં નમે છે તે જ ભરાય છે. કૂવામાં ઘડો નાખીએ અને જોઇએ તો જણાશે કે ઘડો પોતે પાણીમાં છે, તેની ચારે બાજુએ પાણી છે; પરંતુ તે તો ખાલી જ હોય છે. તેમાં એક ટીપુ પણ પાણી ભરાતું નથી. જ્યારે તે એક બાજુ નમે છે ત્યારે જ તેમાં પાણી ભરાય છે.

જીવનના ઘડાને જળથી ભરવો હોય તો માનવે નમવુ જ પડશે. નમવું એ જરૂરી છે. પરંતુ કેવળ શરીરથી નમવું તે વિનય નથી.

ખરી વાત એ છે કે વિનયમાં મન નમવું જોઇએ. તનની સાથે મન નમે ત્યારે જ વિનયની મધુરતા મળી શકે છે.

મનને નમાવવાની પહેલી શરત છે અહંકારનું ગળી જવું.

— વિનય મુનિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • નવધા ભક્તિનું સ્વરૂપ

• લે. પૂ. આ. શ્રી કુંદકુંદસૂરિજી મ. સા.

( અનુસંધાન ગતાંક પાના નં. ૭૪ થી ચાલુ)

ચિંતન એટલે સતનું ચિંતન. સત્ એટલે આત્મા. આત્મા આત્માને ચિંતવે નહિ તો બીજા કોને ચિંતવે? અને છતાં આત્માને છોડીને પર પદાર્થોનું ચિંતન કરે તો તેની પરાધીનતા ટળે શી રીતે !

આત્મા, આત્માનો અનુરાગી બને ક્યારે? જ્યારે તે પરમાત્માનો અનુરાગી બને ત્યારે, જ્યાં અનુરાગ ત્યાં અનુગ્રહ એ નિયમ છે. જ્યાં પ્રતિરાગ ત્યાં વિગ્રહ ઉભો જ છે.

સત્ પદાર્થોનું ચિંતન કરવાથી ક્ષમતા આવે છે. ત્યારે આવા બધા પદાર્થોનો મર્મ બરાબર સમજાય છે.

દેવાધિદેવનો શ્વાસોશ્વાસ કમળ જેવો સુગંધી. આપણો કેવો? દુર્ગંધ યુક્ત. આમ શાથી? તો કે ચિંતન કરવાથી સમજાશે.

એ ચિંતનની ચાંદનીમાં મહાલનારા ચિંતકને સાફ સાફ દેખાઈ છે કે જેઓશ્રીએ સળંગ ત્રણ ત્રણ ભવ, જીવ માત્રના પરમ કલ્યાણને ઉત્કૃષ્ટ ભાવ આપવામાં સાર્થક કર્યો. તેઓશ્રીનો શ્વાસોશ્વાસ સુગંધી જ હોય. કારણ કે તેમાં ઐહિક સ્વાર્થની દુર્ગંધનો એક કણ પણ હોતો નથી.

શ્રી જિનભક્તિજન્ય ચિંતનથી સમ્યગ્દર્શન અધિક નિર્મળ બને છે. એટલે તે સ્વૈર વિહારમાં નથી પરિણમતું.

જેના હૃદયમાં ત્રિજગપતિ શ્રી જિનરાજ હોય તેના હૃદયમાં મિથ્યાત્વનો અંધકાર ટકે જ શી રીતે! સૂર્યની હાજરીમાં અંધકાર નથી ટકતો તેમ શ્રી જિનરાજના ભાવ સાન્નિધ્યમાં મિથ્યાત્વરૂપી અંધકાર નથી ટકતો.

આજે આપણે ત્યાં તત્ત્વ-ચિંતન ખૂબ જ ઓછું થઈ ગયું છે. તેના કારણો તપાસતા મુખ્ય કારણ-સમગ્ર ચિત્ત-તંત્રનો ઉપયોગ મુખ્યત્વે પર પદાર્થોના ચિંતનમાં થતો હોવાનું મળે છે.

નીતિમાન વેપારી પારકા નાણાંને હડપવાનો દુર્વિચાર નથી કરતો. તેમ પ્રભુભક્તિ પરાયણ આત્મા પર પદાર્થોને પોતાના બનાવવાનો અસદ્ પ્રયાસ નથી કરતો. અને જેઓ તેવો પ્રયાસ કરે છે તેમના હૈયામાં પ્રભુ છે એમ શી રીતે મનાય?

પર પદાર્થોના ચિંતનનું કારણ પંડ પ્રત્યેનો ગાઢ રાગ છે. તેને પુદ્ગલાસક્તિ પણ કહે છે અને ભવાભિનંદીપણું પણ કહે છે.

અભિનંદન ભવને હોય કે ભવજેતા ભગવાનને ?

ભવનું અભિવાદન કરનારો ભગવાનને વંદન કરે છે ત્યારે પણ તેના હૈયામાં ભાવ હોય છે, ભવસુખ હોય છે. પ્રભુના સ્વરૂપને ભજવાનો ભાવ નથી હોતો.

પર-દ્રવ્યોના ચિંતન પાછળ લાખેણા માનવ ભવને વેડફવો તે સોનાની વીંટી સાટે સેવ લેવા જેવો અધમ વેપાર છે.

ઉત્તમ, ઉત્તમમાં રાચે તે નિયમ છે.

કોઈ આપણને અધમ કહે તો આપણા રૂંવાડા સળગી ઉઠે ખરું ને?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો સર્વોત્તમ એવા શ્રી જિનેશ્વરદેવના ગુણોમાં આપણા ચિત્તને પરોવવામાં પ્રમાદ શાને ?

સારા થવું નથી ને સારા દેખાવું છે એ બે વાતોનો મેળ શી રીતે મળે ?

આત્મતત્વનું ચિંતન ખોઈને આપણે જે અધમતાને ગળે લગાડી છે તેનાથી વ્યથિત થઈને લખવું પડે છે કે, શ્રી જિનરાજને સર્વ શ્રેષ્ઠ દ્રવ્ય અને ભાવપૂર્વક ભજ્યા સિવાય આપણે કદિ સારા નહિ બની શકીએ. કારણ કે જીવનનો સાર આત્મા છે અને આત્માનો સાર પરમાત્મા છે.

એ પરમાત્મા જેમને ખરેખર સારા પ્યારા લાગે છે તેમને તો સ્વપ્નાં પણ પરમાત્માનાં જ આવે છે, સમવસરણનાં આવે છે, ચૌદ સ્વપ્નાનાં આવે છે, મહાવિદેહ ક્ષેત્રનાં આવે છે, શ્રી અષ્ટાપદજી મહાતીર્થમાં ચૈત્યવંદન કરતા હોવાના આવે છે. શ્રી સિદ્ધાચલ તીર્થના મંડપમાં દેવાધિદેવ સન્મુખ નાચતા હોવાના આવે છે.

એટલે ચિંતનનો વિષય બદલ્યા સિવાય નહિ ચાલે છતાં મોહને વશ થઈને ચલાવીશું તો આપણું ભાવિ ઉજ્જવળ નહિ બનાવી શકીએ.

આપણે કયા પદાર્થને ચિત્ત સોંપીએ છીએ. તે મુદ્દો આપણા જીવનની અંતરંગ રૂચિને છતી કરે છે.

ઘેર ગુરૂ મહારાજ પગલાં કરે છે, તો આપણે ઉમંગથી ગોચરી વહોરાવીએ છીએ. તો શ્રી અરિહંત પરમાત્મા આંગણે પધારે તો આપણે શું વહોરાવીએ ? સર્વોત્તમ ભાવપૂર્વક સર્વોત્તમ દ્રવ્ય વહોરાવીએ.

તો પછી આપણે શ્રી અરિહંતની ભક્તિમાં ભાવની ચોરી કેમ કરીએ છીએ ! સંસારને અધિક ભાવ કેમ આપીએ છીએ ! પાપને કેમ પંપાળીએ છીએ ! સ્વાર્થને સલામ કેમ ભરીએ છીએ !

'કહો કે સત્‌નું ચિંતન ઘટ્યું છે માટે. અસત્‌નું ચિંતન વધ્યું છે માટે

થયું તે થયું. જાગ્યા ત્યારથી સવાર ગણીને આપણે પણ શ્રી જિન ભક્તિમાં જીવ લગાડવો જોઇએ.

"પ્રભુ નામની સુખડી, ખૂણે બેસી ખાય,
રોગ-શોક આવે નહિ, સવિ સંકટ મીટ જાય."

એ પંક્તિ અનુસાર આપણે પણ હોંસે હોંસે જાણે કે આજ પૂર્વે આવી સ્વાદિષ્ટ સુખડી મળી નથી. એવા અપૂર્વ ભાવ સાથે શ્રી જિનેશ્વરના ગુણોને ચાખવા જોઇએ. ચિંતન કરનારા સુચિંતકો જાણે છે કે ગુણ એ ચાખવાની વસ્તુ છે. માત્ર બોલવાની વસ્તુ નથી.

ખૂણે બેસી ખાય, એટલે એકાંતમાં બેસીને પ્રભુના ગુણો રૂપી ગંગામાં ચિત્તને વારંવાર સ્નાન કરાવે.

પાણી પીવાથી તૃષા છીપે છે. પણ ચાર-છ કલાક માટે, જ્યારે શ્રી જિનગુણ-ચિંતન કરવાથી ઐહિક સર્વ પ્રકારની તૃષ્ણાનો સર્વ કાળ માટે ઉચ્છેદ થઇ જાય છે. અને આત્મા પોતે, પોતામાં પોતા વડે તૃપ્ત થાય છે.

પ્રભુના ગુણોનું ચિંતન કરવાથી, કુવાસનાના પારા ઢીલા પડે છે. પાપ કરવાના વિચારોના તાર તૂટવા માંડે છે. આત્મા પહેલો બને છે અને પરમ ગુણ સંપન્ન પ્રભુ એવા તો વહાલા લાગે છે કે પોતાની સમગ્રતા વડે તેઓશ્રીને વંદન કરવાની તાલાવેલી જાગે છે.

આપણે અસાધારણ પુણ્યશાળી છીએ કે ત્રિભુવનપતિ શ્રી અરિહંત પરમાત્માને વંદન કરવાનું પુણ્ય આપણા પક્ષે છે.

એક રાષ્ટ્રપતિને મળવા જવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, તો પણ દુન્યવી માણસ હર્ષ ઘેલો બની જાય છે. તો પછી ત્રિભુવનના પતિ એવા શ્રી અરિહંત પરમાત્માને વંદન કરવાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધન્ય અવસરે ભક્તાત્મા હર્ષવિભોર બની જાય તે સ્વાભાવિક છે.

આવો ભક્ત ઘેરથી દહેરાસર જવા નીકળે એટલે તેના મનની દુનિયામાં દહેરાસર જ હોય, ઉભા રસ્તે તેના હૈયામાં ક્યારે દહેરાસરમાં દાખલ થાઉં ને ક્યારે દેવાધિદેવને વંદન કરું એ જ એક ભાવના ભરતી હોય છે.

અને જ્યારે તે દહેરાસરમાં દાખલ થઈને દેવાધિદેવની પ્રતિમાનાં દર્શન કરે છે ત્યારે તેના દિલની દુનિયામાં પ્રકાશનો પુંજ અવતરે છે. તેની અસરથી તે ગદ્ગદ્ બની જાય છે, તેની આંખોમાંથી હર્ષના આંસુ વહે છે. તેની રોમ-રાજી વિકસ્વર થાય છે. અને તે પછી બે હાથ, મસ્તક ઝુકાવીને તે જ્યારે પ્રતિમાજીને વંદન કરે છે ત્યારે તે નખ-શિખ પલળી જાય છે. એવી અદ્ભુત ભાવલીનતા તેને સ્પર્શે છે. તેના હોઠ બીડાઇ જાય છે. આંખો અપલક બની જાય છે. ઉભો ઉભો તે પ્રતિમાજીની નિસ્તંદ્ર મુદ્રાને પીએ છે. ત્યારે તેના જીવને એવી ધરપત થાય છે કે મત પૂછો વાત! કહો કે ત્યારે જ તેના જીવમાં જીવ આવે છે.

અને માટે જ ભક્ત શિરોમણિ શ્રી યશો-વિજયજી ગણિવરે શ્રી જિનરાજને "જિઉ કા જિઉ હમારા" કહ્યા છે.

તત્ત્વતઃ પરમાત્મા જીવના જીવ છે જ. અને તેમની સાચી ભક્તિ દ્વારા તેનો અનુભવ થાય છે.

વંદનમાં નમન આવી જાય છે. નમન સિવાયનું વંદન અધૂરું છે. મારા મનના માલિક આપ છો એવો એકરાર નમન દ્વારા કરવાનો છે. વંદન દ્વારા પણ એ જ સત્યનો એકરાર થાય છે કે ત્રિભુવનમાં ખરેખર વંદનીય સ્તવ-નીય, પૂજનીય આપ છો. માટે આપ સર્વદા નમસ્કરણીય છો.

(અપૂર્ણ)

## બોલ્યું વચન ને છૂટયું તીર!

સતત બોલતી વ્યક્તિ પોતાનું જીવન સપાટી ઉપર જીવતી હોય છે, એટલું જ નહિ પરંતુ બીજાને માટે એ અણગમારૂપ બનતી હોય છે. અતિશય બોલનારને માટે સહુને અણગમો છે, એવી વ્યક્તિની વાતને કોઇ વજૂદ આપતું નથી.

બોલવું એ તો તીર છૂટયા જેવું છે. અધવચથી એને પાછું વાળી શકાતું નથી.

### કલાત્મક સત્કાર્ય

કાળની કસોટીમાં કંચન નીવડે એવું એકાદુંય કલાત્મક સત્કાર્ય કરી છૂટશો તો અને ત્યારે જ જીવની સાર્થકતા સમજાશે.

હક ભોગવવાનો આગ્રહ ભલે સેવો, પરંતુ પહેલાં ફરજ બજાવવા પણ તત્પર રહો.

(અમૃતબિંદુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • વીર જિનેશ્વર કેરો શિષ્ય

• લે. કે. જે. દોશી



**શ્રી ગૌતમસ્વામી**

ભગવાન મહાવીરના સાચા શિષ્ય બની ગૌતમ ભગવાનને છાયાની જેમ અનુસરવા લાગ્યા. તેમનો પડયો બોલ ઝીલવા હંમેશાં ઉત્સુક રહેતા, તેઓ આજ્ઞા આપે તેનો ત્વરિત અમલ કરવા સદા તત્પર રહેતા. 'समयं मा पमायए ! गोयम' એ ભગવાનની વાણી હૃદયમાં ધારી સદાય અપ્રમત્ત ભાવે ધર્મપાલન કરવા લાગ્યા. ઇન્દ્રભૂતિ ગૌતમ હવે સાચા મુમુક્ષુ બન્યા. ભગવાને નિરૂપેલા અહિંસા, સંયમ અને તપના માર્ગનું સંપૂર્ણ પાલન કરવા લાગ્યા.

હવે તેમના મનમાં એકજ ઝંખના રહી કે ક્યારે મુક્તિ મળે? કેવી રીતે મુક્તિ મળે? ભગવાનના સાચા શિષ્ય બનીને તેમણે ઘણા જીવોને પ્રબોધ્યા અને ઘણા મુક્તિપુરીમાં સંચર્યા. તેમણે પ્રબોધેલાં મોક્ષે ગયા અને તે રહી ગયા તે વસવસો મનમાં રહી ગયો. તેમની મુશ્કેલી કે શંકામાં ભગવાન મહાવીરજ એમના માર્ગદર્શક હતા. એમણે એકવાર ભગવાનને પૂછ્યું પણ ખરૂં, 'હે ભગવન્, મને આ ભવે કેવળજ્ઞાન થશે કે નહિ. ?"

ભગવાને પણ વાત્સલ્ય નીતરતી વાણીમાં કહ્યું કે "હે ગૌતમ, આપણે બન્ને આ ભવેજ એક સ્થાનમાં-મોક્ષમાં જવાના છીએ, માટે તલભાર પણ પ્રમાદ કરીશ નહિ."

ગૌતમ સ્વામીને ભગવાનના આ શબ્દો અમીરસ જેવા લાગ્યા, તેમના અંતરમાંથી ઉદ્વેગ ચાલ્યો ગયો. ફરી પોતાના ધર્મ-ધ્યાનમાં અપ્રમત્ત ભાવે લાગી ગયા. હવે તેમના જીવનનું એક માત્ર ધ્યેય પ્રભુની આજ્ઞાનું પાલન અને મુક્તિમાર્ગનું અપ્રમત્તભાવે આચરણ એજ રહ્યું.

સમય જતા ભગવાન મહાવીરનો નિર્વાણ સમય નજીક આવ્યો. ભગવાનનું અંતીમ ચોમાસુ પાવાપુરીમાં હતું. ભગવાન તો સમજતા હતા કે તેમનો શિષ્ય ગૌતમ તેમના તરફ અતિ રાગ ધરાવે છે. આ પ્રશસ્ત રાગ પણ તેમના અંતરમાંથી નિર્મૂળ નહિ થાય, ત્યાં સુધી મુક્તિ તેમનાથી દૂર રહેશે. તેથી ગૌતમનો રાગ નિર્મૂળ કરવા પોતાના નિર્વાણ સમયે ગૌતમ દૂર હોય એવો તાકડો રચ્યો. ભગવાને ગૌતમને આદેશ આપ્યો, "હે ગૌતમ, અહીં નજીકના ગામમાં દેવશર્મા નામનો એક હળુકર્મી જીવાત્મા છે. તે સરળ સ્વભાવવાળો ને ધર્મનો સાચો જિજ્ઞાસુ છે. તેની પાસે તું જા, અને તેને પ્રતિબોધ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપ. આ એક ઉત્તમ કાર્ય છે અને તારા પ્રતિબોધથી એનો જરૂર ઉદ્ધાર થશે. તે ઉત્તમ ધર્મલાભનુ કારણ બનશે."

ભગવાનનો આદેશ સાંભળી ગૌતમસ્વામી તો રાજીરાજી થઈ ગયા, ભગવાને આ કામ પોતાને સોંપ્યું એ ભગવાનનો મારા ઉપર મહદ્ ઉપકાર છે. એ તો પોતાને ધન્ય માની ગુરુ આજ્ઞા શિરસાવંદ્ય કરી ઉપડયા દેવશર્માને બોધ આપવા. મનમાં વિચાર કરતા કે 'દેવશમાં સરળ સ્વભાવી છે, તો જરૂર મારૂં કામ સરળતાથી પાર પડશે અને જલદી કામ પતાવી, હું મારા ગુરૂ પાસે પહોંચી જઈશ. આટલો સમય ભગવાનનો વિરહ અસહ્ય છે પણ કામ ઉત્તમ છે અને જલદી થઈ જાય તેવું છે, તેથી મારો ભગવાનની સાથેનો વિરહ અલ્પજીવી બનશે' એટલો આત્મસંતોષ તેઓ અનુભવી રહ્યા.

થયું પણ એમજ બહુ જલદીથી દેવશર્માને બોધ પમાડવાનું કાર્ય પાર પાડયું, અને ઊંડો સંતોષ અનુભવ્યો. ભગવાનની આજ્ઞા-પાલનનું કાર્ય પાર પડયું કે તરતજ ઉપડયા પ્રભુને મળવા. કારણ હવે કાર્ય પાર પડયા પછી ભગવાનનો વિરહ ક્ષણ ભર પણ સહન કરવા એ તૈયાર નહોતા. એતો ઝડપી ગતિએ ચાલવા લાગ્યા. ભગવદ્ વિરહનો તાપ હવે અસહ્ય હતો. તેથી તેઓ વીજળી વેગે વિહાર કરવા લાગ્યા. મનમાં આનંદ સમાતો નહોતો. કારણ તેમના મનમાં હતું કે, 'હમણા જઈને ભગવાનને મળીશ. તેમના વિયોગનો અંત આવશે, અને આજ્ઞાનું પાલન કર્યાની હકીકત જણાવીશ એટલે મારા પ્રભુને કેટલો સંતોષ થશે?'

પણ......

પણ માર્ગમાંથી એમણે સમાચાર સાંભળ્યા કે "ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા" આ શબ્દો એમના કર્ણપટ ઉપર પડતાજ જાણે આકાશમાંથી કડાકા સાથે વીજળી પડી. ગૌતમનું મન શોકવિહ્વળ બન્યું. એ તો કિંકર્તવ્ય મૂઢ બની ગયા હવે હું શું કરૂં? કયાં જાઉં. મારે હવે કોની પાસે જવું? આ કોઇ પ્રશ્નનો જાણે ક્ષણ વાર જવાબ જ ન સૂઝયો. એ તો ઘડીભર શોક સાગરમાં ડૂબી ગયા. એ વિચારવા લાગ્યા, હે પ્રભો, આ તમે શું કર્યું? તમે તો ત્રિકાળ જ્ઞાની હતા અને તમારો નિર્વાણ સમય જાણતાજ હતા તો મને અંત સમયે કેમ અળગો કર્યો?"

મેં તો એવું શું કર્યું કે તમે ખરે સમયે મને દૂર કર્યો? મને તો તમે વાત્સલ્યથી હંમેશાં સાથેજ રાખતા, કદિ અગાઉ મને અળગો કર્યો નથી! હે પ્રભુ, હવે મને હે ગોયમા એમ કહીને કોણ બોલાવશે? હું હવે મારી મુંઝવણમાં કોની પાસે જઇશ? હે પ્રભુ, હવે મારા પ્રશ્નોનું સમાધાન કરવા હું કોની પાસે જઇશ? હે પ્રભુ, ખરેખર તમે છેહ દીધો છે. હે પ્રભુ, ભવોભવના આપણા સ્નેહ બંધનને કેમ ભૂલી ગયા!

આમ વિચારતા વિચારતા તેમના વિચાર બીજા માર્ગે વળ્યા. તેઓ વિચારવા લાગ્યા ના....ના... ભગવાન મને ભૂલે એવા નહોતા એ તો કરૂણાના અવતાર હતા. વિશ્વ ઉપર ઉપકાર કરનાર હતા. એ મને કેમ તરછોડે? નક્કી, આમાં મારી જ કંઇ ખોટી સમજણ છે. એમણે જે કર્યું તે મારા સારા માટે જ કર્યું હશે. હે ભગવાન હું જ ભૂલ્યો છું! દોષ મારો છે ને હું જ દોષ દેવા લાગ્યો. તમે તો મારામાં 'અતિ રાગ' ને દૂર કરવાજ મને અળગો કર્યો અને મને માર્ગ ભૂલેલાને માર્ગ બતાવ્યો. ભગવાન! મને માફ કરો! મેં આપની ખોટી નિંદા કરી! મારા દોષ જોવાને બદલે હું આપની ભૂલો જોવા નીકળ્યો! હું કેટલો પામર છું! હે પ્રભુ, મારો ઉદ્ધાર કરો! મને આપના તરફ કરેલા દોષમાંથી મુક્ત કરો! પ્રભુ મને માફ કરો. હું ભૂલ્યો છું!

આમ પોતાના દોષ માટે પશ્ચાત્તાપ કરતા કરતા ગુરુ ગૌતમને કેવળજ્ઞાન થયું. આકાશ દુંદુભિ નાદથી ગાજી ઉઠયું. 'જય જય ગૌતમસ્વામી'ના નાદથી વાતાવરણ ગુંજી ઊઠયું. ✱



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરિ

## ( શ્રી આત્મારામજી મહારાજ )

• સંકલન શ્રી હીરાલાલ બી. શાહ

( પૂ આત્મારામજી મ. સા. ની ૧૫૧મી જન્મતિથિ પ્રસંગે આ લેખ ઉપયોગી થશે.
— તંત્રી )



પંજાબમાં લહેરા ગામમાં ક્ષત્રિય ગણેશ ચંદ્રજીના કુળમાં ધર્મપત્ની રૂપાદેવીની કૂક્ષીએ વિક્રમ સવંત ૧૮૯૩ના ચૈત્ર સુદી એકમને દિવસે એક પુત્ર રત્નનો જન્મ થયો. એનું નામ દિત્તા રાખવામાં આવ્યું. ગણેશચંદ્રના મૃત્યું બાદ દિત્તાની કાળજી રાખે એવું કોઇ ન હતુ. જીરામાં (જી. ફીરોજપુર) જોધેમલ ઓસવાલ નામનો એક ગૃહસ્થ દિત્તાનો પાલક પિતા બન્યો. જોધમલનું કુંટુબ સંસ્કારી હતું. જોધમલનું ઘર એજ દિત્તાની નિશાળ બની અહીં દિત્તાને કેટલા સ્થાનકવાસી સાધુઓનો સહવાસ સાંપડયો. એ સહવાસના પરિણામે દિત્તા પણ સામાયિક, પ્રતિક્રમણ નવ તત્ત્વના કેટલાક પાઠ ભણ્યો. દિત્તાનું દીક્ષા તરફ મન ખેચાતુ હતું. તેણે આત્માનો અવાજ સાંભળીને દીક્ષા લેવાનો મકકમ નિરધાર કર્યો કુટુંબી જનોએ આશીર્વાદ આપ્યા પંજાબના માલેર કેટલામાં મુનિશ્રી જીવણ રામજી મહારાજ પાસે સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી અને મુનિશ્રી આત્મારામજી નામ રાખવામાં આવ્યું.

દીક્ષા અંગીકાર કર્યા પછીના થોડા વર્ષો એમને એમ વીતી જાય છે એમના આત્માની ભુખ પ્રથમથી જ અનોખી હતી. એમની ગુરૂ ભકિત એટલીજ દ્રઢ હતી તેઓશ્રી દરરોજના ત્રણસો શ્લોક કંઠાગ્ર કરવાને સમર્થ હતા. પાંચ છ વર્ષમાં જ એમણે સંપ્રદાયની મૂળ મુડી જેવા ૩૨ શાસ્ત્રો ભણી લીધા. વ્યાકરણ એ શાસ્ત્ર સાહિત્યરૂપી ભંડારની મુખ્ય ચાવી રૂપ છે એમ બરોબર સમજીને રોપડ નામના ગામમાં એક પંડિત પાસે વ્યાકરણનો અભ્યાસ શરૂ કર્યો. એમણે વ્યાકરણ સંપૂર્ણ પણે ભણવાનો અને પૂર્વાચાર્યોએ રચેલી નિર્યુકિત, ભાષ્ય, ચૂર્ણી, ટીકા વગેરે વાંચવાનો વિચારવાનો નિર્ણય કરીને સંપૂર્ણ અભ્યાસ કર્યો. સવંત ૧૯૨૦નુ ચોમાસુ આત્મારામજી મહારાજે આગ્રામાં કર્યું એ વખતે ત્યાં. સમાજના વૃધ્ધ પંડિત સરળ સ્વભાવી રત્નચંદ્રજી મહારાજનુ ચોમાસુ ત્યાં હતું તેઓશ્રીની સાથે આત્મા રામજી મહારાજે એકવાર ભણેલા શાસ્ત્રોની પૂનરાવૃત્તિ કરી અને ઉપરાંત બીજા શાસ્ત્રો પણ વાંચ્યા અને તેનો અભ્યાસ કર્યો. આત્મારામજી મહારાજ આગ્રાથી વિહાર કરી દિલ્હી આવ્યા. એમને એક યતિશ્રીના ગ્રંથસંગ્રહમાંથી " શ્રી શીલાંકાચાર્ય વિરચિત શ્રી આચારાંગ સૂત્રવૃત્તિ " મળી આવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ પ્રાચીન પ્રમાણિક ગ્રંથના આધારે એમણે પોતાના સાંપ્રદાયિક આચાર વહેવારની સરખામણી કરવા માંડી અને એમને બે પલ્લા વચ્ચે જાણેકે જમીન આસમાન જેટલુ અંતર દેખાયું.

અમૃતસરમાં એક દિવસે આત્મારામજી મહારાજની વ્યાખ્યાન સભામાં શ્રોતાઓની ખુબજ હાજરી હતી. આત્મારામજી મહારાજ વ્યાખ્યાનમા 'શ્રી ભગવતી-સૂત્ર સટીક' વાંચતા વ્યાકરણના અધ્યયનથી તેઓ સસ્કૃત ઉપર સુંદર કાબુ મેળવી શકયા હતા. શ્રોતાઓ મહારાજજીની વકતૃતા અને યુકિત ઉપરયુકત અવતારવાની શકિત ઉપર મુગ્ધ થતા હતા સંપ્રદાયના પૂજય બીજા સાધુઓ શ્રી આત્મારામજી મહારાજ એક જવાહીર છે એમ માનતા હતા. આત્મારામજી મહારાજ પોતાના સ્વતંત્ર વિચારો બહુજ વિવેક પૂર્વક પ્રગટ કરતા હતા. વ્યાખ્યાનમાં અને વાર્તાલાપમાં પણ મધ્યસ્થતા બતાવતા. એક દિવસે અમૃતસરની વ્યાખ્યાન સભામાં જ પ્રસંગોપાત એમનો આત્મા પોકારી ઉઠયો....

" પૂર્વાચાર્યોના કરેલા અર્થનો ત્યાગ કરી જેઓ શાસ્ત્ર વાકયના મનફાવતા અર્થ કરે છે એમની આ લોકમાં નહીં તો પરલોકમાં જરૂર દુર્ગતિ થવાની એ યાદ રાખજો."

ઇરાદો કોઇને વ્યકિતગત ભાવે દુભવવાનો નહી હોવા છતા, સંપ્રદાયમાં વિરોધીઓ ઉભા થયા. સેંકડો વિરોધીઓનો સામનો કરી શકે એટલી તાકાત આત્મારામજી મહારાજમાં હતી તેઓ કોઇ પ્રકારનો સંક્ષોભ ઉભો કરવા માગતા હતા નહિ એમના અંતરમાં સત્ય શોધનનો જે પવિત્ર હુતાશ અહોનિશ પ્રજળતો હતો તેની જ આ એક સામાન્ય ચીનગારી હતી. અનેક વિરોધો અને મુશ્કેલીઓ હોવા છતાં તેઓશ્રી પોતાના વિચારોમાં મક્કમ રહ્યા. દિલ્હીમાં એમણે ઉત્તરાધ્યયનનું ૨૮મું વ્યાખ્યાન સટીક વાંચવા માંડયું. શ્રોતાઓએ કોઇ દિવસ આવું અર્થપૂર્ણ, સુબોધ, ગંભીર વ્યાખ્યાન ન્હોતુ સાંભળ્યું. જેઓ જાણકાર હતા અને આત્મારામજી મહારાજ સાથે વાદ કરવાંના સ્વપ્ન સેવતા હતા, તેઓને પણ થયું કે આત્મારામજી મહારાજની વિદ્વત્તા પાસે પોતે નવા નિશાળીયા જેવા છે. આત્મારામજી મહારાજે પોતાના ગુરુ સાથે અંબાલા તરફ વિહાર કર્યો. અંબાલા, પતીયાલા, નાભા, માલેરકોટલા, લુધીયાણા વગેરે સ્થળોમાં એમણે થોડા દિવસો સ્થિરતા કરી પોતાના કીર્તિ સ્થંભ ખડો કર્યો. સનાતન શુદ્ધ જૈન ધર્મની રુચિવાળા કેટલાક શ્રાવકો આત્મારામજી મહારાજના અનુયાયી બન્યા.

વાણી અને લેખિની એ ઉભયના સહાયથી એમણે ધર્મ પ્રચારના નિર્મળ પાણી પંજાબની ભૂમિ ઉપર વહેતાં કર્યા.

વિશ્વચંદ્રજી અને હુકમીચંદજી પણ એ ધર્મ પ્રચારના સંગીતમાં પોતપોતાના સુર પૂરતા હતાં લુધીયાના સંવત ૧૯૨૮ના ચોમાસા દરમ્યાન એક દિવસે આત્મારામજી મહારાજની વ્યાખ્યાન સભામાં ઘનૈયાલાલ નામના સાધુ ગયા. જે આત્મારામજી મહારાજના અવર્ણવાદ બોલતા હતા. પરંતુ આત્મારામજી મહારાજનું માત્ર એકજ દિવસનું વ્યાખ્યાન સાંભળ્યા પછી તેમજ ગુરૂની ભવ્ય-શાંત મુદ્રા જોતાં સંશય રહિત થયા. આત્મારામજી મહારાજ ખોટું કહેતા નથી અને તેમ તેમનાં મનમાં સમાધાન થયું. ૧૯૩૧નું ચોમાસું હુશીઆરપુરમાં વીતાવી, આત્મારામજી મહારાજ, વિશ્વચંદ્રજી મહારાજ વગેરે સાધુઓ લુધીયાનામાં એકત્ર થયા. ત્યાં આત્મારામજી મહારાજને તેઓના સાધુઓએ શત્રુંજય, ગિરનાર, આબૂ આદિ તીર્થોની યાત્રા કરવાની તેઓની અભિલાષા જણાવી અને તેથી ગુજરાત તરફ વિહરવાનો સૌએ નિશ્ચય કર્યો. પંજાબ-લુધીયાનાથી ગુજરાતમાં આવતા, માર્ગમાં જેટલા તીર્થો આવે તે તમામ તીર્થોને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વંદના કરતાં, આત્મારામજી મહારાજનો સાધુ-સંઘ અમદાવાદ આવ્યો. એ વખતે અમદાવાદમાં શ્રી બુટેરાયજી મહારાજ બિરાજતા હતા. નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઇ અને શેઠ દલપત્તભાઇ ભગુભાઇની આગેવાની નીચે લગભગ ત્રણ હજાર જેટલો શ્રાવક-શ્રાવિકાનો સમુદાય અમદાવાદથી લગભગ ત્રણ માઈલ દૂર સ્વાગત માટે ગયા હતા. એ સ્વાગતમાં નગરજનોની અંતરંગ ભક્તિ, શ્રદ્ધા અને બહુમાન જણાતાં હતાં. આત્મારામજી મહારાજનાં વ્યાખ્યાનો પછી તો મૂશળધાર મેઘની જેમ વરસતા હતાં. આવાં યુક્તિ અને શાસ્ત્રાધારવાળાં વ્યાખ્યાનોનો લાભ અમદાવાદના શ્રોતાઓને મળ્યો, અમદાવાદથી આત્મારામજી મહારાજ બીજા સાધુઓ સાથે શ્રી શત્રુંજય તીર્થની યાત્રાએ પધાર્યા. એ યાત્રા પછી પુનઃ તેઓ અમદાવાદ આવ્યા.

સંવત ૧૯૩૨ માં ૧૭ શિષ્યો સાથે અમદાવાદમાં તપોમૂર્તિ બુટેરાયજી મહારાજનો વાસક્ષેપ લીધો અને સંવેગી દીક્ષા લીધી. સંવત ૧૯૩૨ નુ ચોમાસુ અમદાવાદમાં વીતાવી એમણે પુનઃ શત્રુંજય તથા ગિરનારની યાત્રા કરી. સૌરાષ્ટ્રના અનેક ગામોને તથા શહેરોને આત્મારામજી મહારાજના દર્શન, વંદન, તથા વ્યાખ્યાનનો લાભ મળ્યો, ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી વિહાર કરીને પાછા પંજાબ તરફ ગયા. પંજાબ તેઓશ્રીનું કર્તવ્ય ક્ષેત્ર હતું. પંજાબના શ્રાવકોની શ્રદ્ધા ટકાવી રાખવા માટે મંદિરો બંધાવ્યા અને પ્રતિષ્ઠાઓ કરી આઠ નવ વર્ષના ગાળા પછી તેઓ ફરી અમદાવાદ આવ્યા. સંવત ૧૯૪૩ના કાર્તિકી પૂર્ણિમાના શુભ દિવસે હિંદુસ્તાનના સકળ સંઘે શ્રી આત્મારામજી મહારાજને આચાર્ય પદવી અર્પણ કરી. તે દિવસથી તેઓ આચાર્યશ્રી વિજયાનંદસૂરિના નામથી ઓળખાય છે. આત્મારામજી મહારાજને આચાર્ય પદવી અર્પણ કરવામાં, શ્રીસંઘે આત્મારામજી મહારાજનું ગૌરવ વધાર્યું એમ કહેવાને બદલે શ્રીસંઘે આત્મારામજી મહારાજ જેવા એક સમર્થ યુગ પ્રભાવકને સૂરિપદના સિંહાસને બેસારી શ્રીસંઘે પોતાનું જ ગૌરવ વધાર્યું છે એમ કહેવું સુયોગ્ય છે.

ઈ. સ. ૧૮૯૩માં અમેરીકાના ચીકાગો શહેરમાં મળેલી સર્વધર્મ સભા સાથે આત્મારામજી મહારાજનું નામ સંકળાયેલું છે. એ વખતે દુનીયાભરના પ્રસિદ્ધ ધર્મોના પ્રતિનિધિઓ ચીકાગોમાં એકત્ર થયા હતા. આત્મારામજી મહારાજ પોતે ત્યાં જાય એ અસંભવિત હતું એટલે તેમણે સ્વ. વીરચંદ રાઘવજી બાર-એટ-લો ને ચીકાગો જવા તૈયાર કર્યા. આત્મારામજી મહારાજે જૈન દર્શનની માન્યતા વિષે એક મોટો નિબંધ તૈયાર કરેલ હતો. એ નિબંધ ચિકાગો પ્રશ્નોત્તરના નામે એક ગ્રંથરૂપે પ્રસિદ્ધ થયેલ છે.

આત્મારામજી મહારાજે પોતાના જીવનના છેલ્લા વર્ષોમાં એટલે સંવત ૧૯૫૦ થી સંવત ૧૯૫૨ના સમયમાં પંજાબના મુખ્ય શહેરો અને ગામોમાં જૈન મંદીરો બંધાવ્યા અને નવા જીનબિમ્બોની અંજનશલાકા કરીને પ્રતિષ્ઠા કરાવી. સંવત ૧૯૫૨ના જેઠ શુદ ૮ સાયંકાળનું પ્રતિક્રમણ કરી, પંજાબમાં ગુજરાનવાલા શહેરમાં કાળધર્મ પામ્યા. ગુજરાનવાલા જૈન સમાજને, પંજાબના જૈન સંઘને, સમસ્ત ભારતના જૈન સંઘને તેમજ પૂર્વ અને પશ્ચિમના શાસ્ત્રાભ્યાસીઓને ન કલ્પી શકાય એવી ખોટ પડી ગઈ.

તેઓશ્રીએ "તત્ત્વનિર્ણય પ્રસાદ" "અજ્ઞાન તિમિર ભાસ્કર" "જૈન તત્ત્વાદર્શન" વગેરે ગ્રંથોની રચના કરીને જૈન શાસનના ઝળઝળતા સત્યોનું સ્વરૂપ રજુ કર્યું છે. વીસમી સદીના અજોડ શાસન પ્રભાવક ન્યાયાંભોનિધિ પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રીમદ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજને કોટિ કોટિ વંદના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# —: ચિંતન-મધુ :—

(૧) "અહિંસા તમામ આશ્રમોનું હ્રદય, તમામ શાસ્ત્રોનું રહસ્ય તથા તમામ વ્રતો અને ગુણોનો પિંડભૂત સાર છે."

(૨) જેને મોહ નથી, એણે દુઃખનો નાશ કરી નાંખ્યો. જેને તૃષ્ણા નથી, એણે મોહનો નાશ કરી નાંખ્યો. જેને લોભ નથી, એણે તૃષ્ણાનો નાશ કરી નાંખ્યો. અને જેની પાસે કંઈ નથી, એણે લોભનો નાશ કરી નાંખ્યો.

(૩) કદાચ સોના અને ચાંદીના કૈલાસ જેવા અસંખ્ય પર્વતો થઈ જાય તો પણ લોભી માણસને સંતોષ નહીં થાય, કારણ કે ઇચ્છા આકાશ જેવી અનંત છે.

(૪) જીવને મારવું જાતને મારવા બરાબર છે. જીવ પર દયા કરવી એ પોતાના પર દયા કરવા બરાબર છે.

(૫) જીભના અનુપયોગને આપણે 'મૌન' ગણીએ છીએ. પ્રજનન ઇંદ્રિયના અનુપયોગને એટલે કે સંભોગથી દૂર રહેવાના વ્રતને આપણે 'બ્રહ્મચર્ય' કહીએ છીએ. યુદ્ધની ગેરહાજરીને આપણે 'શાંતિ' કહીએ છીએ અને રોગના અભાવને 'આરોગ્ય' કહીએ છીએ. એ જ રીતે મોં દ્વારા આહાર લેવાનું બંધ થાય તેને ઉપવાસ કહેવામાં આવે છે. ઉપવાસ'નો ખરો અર્થ છે 'નજીક' હેવું. ઉપવાસ તો પરમ સત્તાના સામીપ્યના અણસારા મળે તે માટે પોતાના અસ્તિત્વને તૈયાર રાખવાની ચેષ્ટા છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉપવાસ એ ચિત્તની એક અત્યંત પ્રાર્થનામય ઉપરવિમુક્ત અને મસ્તીથી ભરેલી અવસ્થા છે.

— **શ્રી ગુણવંત શાહ**
'મહા માનવ મહાવીર'માંથી સાભાર
સંકલન : **બળવંતરાય પી. મહેતા**

# વિદ્યાર્થીઓને સન્માનવાનો સમારંભ

પંડીતજી જગજીવનદાસ પોપટલાલ સન્માન સમિતિએ પંડીતજીની ૨૨મી સ્વર્ગવાસ જયંતી નીમીતે ભારતીય સંસ્કૃત વિદ્યાપીઠની સર્વ પરીક્ષામાં સર્વ પ્રથમ આવનાર તેમજ શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળામાં અતિચારનો શ્રેષ્ઠ અભ્યાસ કરનાર બાળકોને શ્રી મોહનલાલ જગજીવનદાસ સલોતના પ્રમુખસ્થાને તથા સૌરાષ્ટ્ર સમાચારના ચીફ રીપોર્ટર શ્રી રમેશભાઇ ઓઝા, શ્રી બાબુભાઈ રાવળ (પન્ના પરફ્યુમરી) તથા શ્રી નર્મદાશંકર શાસ્ત્રીજીના અતિથી-વિશેષ પદે સન્માનવાનો એક સન્માન સમારંભ તા. ૫-૪-૮૭ના રોજ યોજાયેલ હતો. આ સમયે અતિથિવિશેષ શ્રી નર્મદાશંકર શાસ્ત્રી, શ્રી રમેશભાઈ ઓઝા તથા શ્રી હરકાન્તભાઇ દેસાઇ શ્રી મોહનભાઇ સલોત, વગેરેએ પ્રસંગોચિત પ્રવચન કરી વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા.

વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા ઈનામો શ્રી રમેશભાઇ ઓઝા, શ્રી નર્મદાશંકર શાસ્ત્રી, શ્રી મોહનભાઇ સલોત તથા શ્રી કાન્તીભાઈ દોશીના હસ્તે અપાયેલા. પ્રમુખસ્થાનેથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોલતા શ્રી મોહનભાઇ સલોતે જણાવ્યું હતું કે પંડીતજી પોતે પ્રજ્ઞાચક્ષુ હોવા છતા સંસ્કૃતના વિશાળ જ્ઞાનને કારણે અમો બધા આજે આગળ આવ્યા છીએ. તે સ્વર્ગસ્થ પંડીતજીને કારણે છે. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સન્માનતા હું આનંદની લાગણી અનુભવું છું અને ભવિષ્યમાં કોઇપણ જાતની સહાય કરવાની ખાત્રી આપી હતી. અંતમાં આભારવીધી બાદ સભા વિસર્જન થઇ હતી. સમગ્ર સન્માનના કાર્યક્રમનું સંચાલન પંડીત જગજીવનદાસ પોપટલાલ સન્માન સમીતી વતી શ્રી દિવ્યકાંત સલોતે કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવામાં જૈન આત્માનંદ સભાના મંત્રી શ્રી હિંમતલાલ અનોપચંદભાઈ મોતીવાળા, શ્રી જીતેન્દ્રભાઇ ભાઇચંદ શાહ, શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખ શ્રી હીરાભાઇ શાહ, શ્રી ડાહ્યાભાઈ માસ્તર, શ્રી લલીતભાઈ શાહ, શ્રી નવીનભાઈ કામદાર તથા શ્રી સંજય ઠાર વગેરેએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન આપેલ. આ પ્રસંગે મોટી સંખ્યામાં બ્હેનો હાજર રહેલા હતા.

# સમાચાર

## 'મહાવીર–જીવનદર્શન'ની એક અભિનવ વ્યાખ્યાન શ્રેણી

વસંત વ્યાખ્યાનમાળાના ઉપક્રમે મુંબઈના શ્રી તરૂણ મિત્ર મંડળ નામની સંસ્થાએ આ વર્ષે એક અભિનવ વ્યાખ્યાન-શ્રેણીનું આયોજન કર્યું. જેમાં ભગવાન મહાવીરનું જીવન, પ્રસંગોનો મર્મ તેમજ જૈન તત્ત્વો સાથે એનું અનુસંધાન સાધીને 'મહાવીર દર્શન' વ્યાખ્યાન-શ્રેણીનું આયોજન કર્યું અને જૈન-દર્શનના જાણીતા ચિંતક ડો. કુમારપાળ દેસાઇને આ માટે વક્તા તરીકે નિમંત્રણ આપ્યું. ચિંચપોકલીના ન. પ. સભાગૃહમાં જાણે પર્યુષણ હોય એવી ભાવના અને જનમેદની ઊપસ્થિત રહી હતી.

પોતાના પ્રવચનમાં ડો. કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે જૈન ધર્મ એ ભાવનાનો ધર્મ છે અને ભગવાન મહાવીરનું જીવન એ ક્રાંતિનું, પરિવર્તનશીલતાનું અને લોકકલ્યાણની ભાવનાથી ભરેલું જીવન છે. પરંતુ એને પામવાને માટે પ્રગટ ઘટનાને બદલે અપ્રગટ મર્મને જાણવો જોઇએ. મહાવીરની સાધના પદ્ધતિ અત્યંત વિશિષ્ટ છે. સાધક સામાન્ય રીતે એક સ્થળે રહે, જ્યારે ભગવાન મહાવીરે પરિભ્રમણ કર્યું. જુદા જુદા આસને ધ્યાન કરવામાં આવે, જ્યારે ભગવાન મહાવીરે ઊભા રહીને કોઇ નિશ્ચિત સમયે નહીં, પણ સતત કાયોત્સર્ગ ધ્યાન કર્યું. શરીરના ઘા રૂઝવનારો સંરોહણ શક્તિ તેમજ સાડા બાર વર્ષના કાળમાં અતિ અલ્પ નિદ્રાનો મર્મ જાણીને જ એમના સાધક-જીવનની મહત્તા જાણી શકાય. અવતારવાદ નહીં પણ ઉત્તારવાદને સમજવો જોઇએ. જેમાં એક વ્યક્તિ કઈ રીતે પરમ પદની પ્રાપ્તિ કરી શકે તેનો જૈન ધર્મમાં આલેખ મળે છે. એ સમયમાં પ્રવર્તમાન ક્રિયાવાદ, અક્રિયવાદ, અજ્ઞાનવાદ અને વિનયવાદના સંદર્ભમાં ભગવાન મહાવીરની આગવી દૃષ્ટિ પ્રગટ થાય છે. એ જ રીતે એ સમયના પૂર્ણકાશ્યપ, મંખ્ખલિ ગોશાલક, અજિત, કેશકંબલ, પકુધ કાત્યાયન અને સંજય વેલયિપુત્રના જેવાની માન્યતાઓના સંદર્ભમાં ભગવાન મહાવીરની વિલક્ષણ વિચારણા જાણવી જોઇએ. ભગવાનનાં વર્ધમાન, સન્મતિ, વીર, મહાવીર અને અતિવીર જેવાં નામો એમના જીવનની વિશેષતા દર્શાવે છે. ભગવાન મહાવીરના સાધક જીવનની વિશેષતા એ છે કે એમણે ૪૫૧૫ દિવસમાં ૪૧૬૬ દિવસ તો નિર્જળ તપશ્ચર્યા કરી, ગણધરવાદ એ જૈન તત્વજ્ઞાનનો અર્ક છે. અને ભગવાનનું જીવન એ ચરમ પુરૂષાર્થની પરિસીમા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધન્યવાદ

## 卐 કાંઇક કરી છૂટવાની ધગશ 卐

બારામતી ( જિ. પુના. મહારાષ્ટ્ર )માં રહેતા ૭૦ વર્ષની ઉંમરના શ્રદ્ધાસમ્પન્ન શ્રીમંત શ્રાવિકારત્ન સૌ. પદ્મિનીબહેન દીપચંદ શાહની ધર્મભાવના પ્રેરણાદાથી પ્રશસનીય અને વિચારણીય તેમજ આદરણીય છે.

શ્રાવિકારત્ન સૌ. પદ્મિનીબહેને અંજનશલાકામાં ભગવાનના માતાજી થવાનો, શ્રી સિદ્ધગિરિમાં ચાતુર્માસ કરવાનો, શ્રી સિદ્ધગિરિની ૯૯ યાત્રા કરવાનો, તીર્થયાત્રાનો સઘ કાઢીને તીર્થમાળ પહેરવાનો, પ્રભુજીની પ્રતિષ્ઠા કરાવવાનો, વર્ધમાન તપ આયંબીલની ઓળીનો પાયો નાંખીને ૨૯મી ઓળીની આરાધનાનો તેમજ ત્રણે ત્રણ ઉપધાન તપની અપ્રમત્તપણે આરાધના કરવાનો અનેરો લાભ લીધો છે. ઉપરાંત જીવનમાં નાના-મોટા તપ ત્યાગ તો ખરાં જ. આ રીતે સૌ. પદ્મિનીબહેને પોતાનું જીવન જિનશાસન કથિત સુકૃતોથી મઘમઘાયમાન બનાવ્યું છે.

પ્રતિદિન જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય જાપ-માળા આદિ વિવિધ ધર્મકરણી કરતાં આ શ્રાવિકારત્ન બહેનને એવો ધન્ય વિચાર આવ્યો કે મનુષ્યજન્મ અને આવા મહાન દેવ-ગુરૂ-ધર્મ મળ્યા છે.... તો લાવ જીવનને વિશેષ રીતે સાર્થક કરી લઉં.

એટલે જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, જાપ માળા આદિ નિત્યકરણી પછી સમય મળે.... તેમાં આળસ, કંટાળો, નિંદા, વિકથા, નિંદ્રા આદિ પ્રમાદ છોડીને તેમણે માળા બનાવવાનું શરૂ કર્યું. અત્યાર સુધીમાં તેમણે વિવિધ રંગોમાં નાની-મોટી એમ કુલ ૭૫૦ માળા બનાવી છે અને ૧ હજાર પુરી કરવાની ભાવના રાખે છે. આ માળાઓ બનાવીને તેઓ સાધુ સાધ્વીજી ભગવંતોને વહોરાવે છે.... તેમજ શ્રાવક-શ્રાવિકાઓને આરાધના હેતુ ભેટ આપે છે.

વળી, આ ૭૦ વર્ષના બહેનને જૈન ધર્મના પુસ્તકો વાંચવાનો ભારે રસ છે. તેથી બહાર પડતા નૂતન પુસ્તકો મંગાવીને મોડી રાત સુધી વાંચે છે.

૭૦ વર્ષની ઉંમરે પણ અપ્રમત્તપણે જાગૃત રહીને આવુ સુંદર સત્કાર્ય કરવાની તેમની લાગણી આપણને બધાને અનેક રીતે સુંદર પ્રેરણા આપનાર બને એવી શુભાશા સાથે તેમની શુભ પ્રવૃત્તિની ખૂબ ખૂબ અનુમોદના.

## દાન

જે કંઇ મેં આપ્યું તે હજુ પણ મારી પાસે છે,
જે મેં વાપર્યું તે મારી પાસે હતું. પરંતુ મેં જે
સંગ્રહ કર્યો તે મેં ગુમાવ્યું છે.

— પ્રાચીન સ્મૃતિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

UNIVERSITAT HAMBURG 23 February 1987

Respected Muniji,

Some days ago I had the pleasure of receiving your excellent edition of the pancecasutraka and of the third part of Hemacandra's famous Yogasastra. But apart from thanking you most sincerely for both, I should also like to know where I can obtain parts 1 and 2 of your Yogasastra edition which I couldn't find in our institute's library, nor do I have them myself. And it is with impatience that I myself and so many others also are awaiting the publication of the third part of your unique edition of the Dvadasarhnayachakra. But I am, of course, aware that apart from your scholarly work you are equally involved in the practice of your faith, and it is for all your manifold activities that I wish you long life and good health.

with regards.

Yours sincerely,
( Prof. Dr. A. Wezler )

THE AUSTRALIAN NATIONAL UNIVERSITY
Canberra 9 February 1987

Dear Muni Jambuvijayaji,

Thank you very much for sending me copies of your editions of the third part of Hemacandra's Yogasastra and of the Pancasutraka. I am glad to see that you have now finished the edition of the Yogasastra. The Pancavastuka was unknown to me and it is a pleasure to be able to read this text in such a carefully prepared edition. Since receiving the first volume of your Nayachakra I have been admiring your great skill in editing difficult texts I hope that your edition of the Vaisesikasutra will soon be reprinted and I am looking forward to the publication of the third volume of the Nayachakra, which - I know - is eagerly awaited by many scholars in East and West.

With many thanke and kind regards.

Sincerely yours.
J. W. de Jong.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐 શ્રી મહાવીરાય નમઃ 卐

# શ્રીમતી ડાહીબેન વનમાળીદાસ કામદાર

# જૈન મહિલા વૃદ્ધાશ્રમ

( સંચાલીત :- શ્રીમતી સુધાબેન હસમુખરાય કામદાર )

ઉપરોકત સંસ્થા તા. ૫-૨-૮૯ થી ગોંડલ શહેરમાં સ્ટેશન પ્લોટ, સુરમ્ય અને શાંત વાતાવરણમાં શરૂ કરવાની છે. સંસ્થાને પોતાનું વિશાળ મકાન છે. તથા બધી જાતની સુવિધા કરવામાં આવેલ છે. ઉપરોકત સંસ્થામાં જૈન સંપ્રદાયના કોઇ પણ ફીરકાના વૃધ્ધ મહિલાને દાખલ કરવામાં આવશે દાખલ થનાર વ્યકિત પાસેથી કોઇ પણ જાતનો ચાર્જ લેવામાં આવશે નહી. દરેક જાતની સુવિધા સંસ્થા તરફથી ફ્રી આપવામાં આવશે

દાખલ થવા માટે વ્યવસ્થાપકને નીચેના સરનામે અરજી કરવી તેમજ અરજી સાથે સ્થાનિક સંઘના પ્રમુખનું જૈન હોવાનું પ્રમાણ પત્ર બીડવું જરૂરી છે. દાખલ થવા માટે કોઇ આર્થિક અંગેનું પ્રમાણ પત્રની જરૂરત નથી.
અરજી માટેનું સરનામુ :-

શ્રી હસમુખરાય વનમાળીદાસ કામદાર
કામદાર કલોથ સ્ટોર
નાની બજાર, ગોંડલ. ૩૬૦૩૧૧

**તા. ક.** વૃધ્ધાશ્રમમાં સંખ્યા વધારવા માટે

જે સંસ્થા અમારા જૈન મહિલા વૃધ્ધાશ્રમમાં મહિલાઓને મોકલશે તે સંસ્થાને અમે અમુક રકમ અમારા તરફથી દાનમાં આપીશુ

અગરતો જે વ્યકિત અમારા જૈન મહિલા વૃધ્ધાશ્રમમાં મહિલાઓ મુકી જશે તેમને અમે અમુક રકમ પુરસ્કાર રૂપે આપીશું.

---

## પરમ પૂજ્ય ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો ૧૫૧મો જન્મજયંતિ મહોત્સવ

શ્રી સિધ્ધાચલજી તીર્થ પાલીતાણા મુકામે સંવત ૨૦૪૩ ના ચૈત્ર શુદી ૧ને સોમવાર તા. ૩૦-૩-૮૭ના રોજ શ્રી જૈન અત્માનંદસભા ભાવનગર તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી સિધ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુકમાં નવાણુ પ્રકારી પૂજા ભણાવવામાં આવીહતી શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જયાં પરમ પૂજય ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજની દેરી છે ત્યાં પરમ પૂજય ગૂરૂદેવ શ્રી આત્મારામજીમહારાજની મુર્તિની રૂપાના પાનાની અને ફુલોની ભવ્ય અંગ રચના કરવામાં આવી હતી. સવાર સાંજ ગુરૂ ભકિત તેમજ આવેલ સભાસદોની સ્વામી ભકિત કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash] [Regd. No. G. BV. 31.

# * જીવદયાના કાર્ય અંગે....

## જીવદયા પ્રેમીઓને નમ્ર અનુરોધ *

**ચાલુ** વર્ષે ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશ કારમા દુકાળની ભીંસમાં સપડાયો છે તે સુવિદિત છે. આ દુકાળને કારણે મૂગા પ્રાણીઓની હાલત અત્યંત વિકટ બની છે. આ પ્રાણીઓ માટે ઘાસચારા તથા પાણીની તીવ્ર અછતની ભીંસ ઉત્તરોત્તર વધતી જ જવાના ચિહ્નો જોવા મળે છે, આ સંજોગોમાં મૂંગા પ્રાણીઓનું પાલન કરવાને અસમર્થ એવા ગરીબ ગ્રામજનો મને કે કમને પણ પોતાનાં પ્રાણીઓને કસાઈઓને વેચવા-સોંપવા તૈયાર થઇ જાય તે અશકય નથી જણાતું.

અહિંસા પરમો ધર્મ : "શિવમસ્તુ સર્વ જગત;" : અને "સવિ જીવ કરૂં શાસનરંસી" આ મહાન સિદ્ધાંતો જેમના લોહીમાં વહે છે તેવા જૈન બંધુઓ માટે આ પરિસ્થિતિ એક પડકારરૂપ પરિસ્થિતિ છે. સૈકાઓથી જૈનો-મહાજનો મૂંગા પશુઓનું જતન કરતાં આવ્યાં છે અને જીવદયાના મહાન ધર્મની તન-મન-ધનથી આરાધના કરીને જૈનોએ કાયમ અસંખ્ય જીવોને મોતના અને દુકાળના મોંમાંથી ઊગાર્યા છે.

આજે સમસ્ત ગુજરાત રાજ્યમાં ૨૦૦ કે તેથી યે વધારે પાંજરાપોળો અને ગૌશાળાઓમાં જીવદયાનું મહાન કાર્ય સતત ચાલુ છે. આ પાંજરાપોળ-સંસ્થાઓને આર્થિક સહાય કરીને તેમજ જ્યાં જરૂરી હોય ત્યાં ખાસ કેટલ કેમ્પો ખોલીને પણ જીવોને બચાવી શકાય તેમ છે.

પરંતુ આ બધું ધન વિના શકય નથી. તમારા ધનથી જો કોઇકનું જીવન બચતું હોય તો તમે બીજી દરેક બાબતોને આ વર્ષે ગૌણ બનાવીને પણ જીવદયાના આ લોકોત્તર ધર્મકાર્યમાં તમારા ધનનો સદ્વ્યય કરજો. લાખો મૂંગા પશુઓ કમોતે મરે એવી પરિસ્થિતિ સર્જાઈ રહી હોય ત્યારે સાચો જૈન સુખ કેમ ખાઇ શકે ? સુખે કેમ સૂઇ શકે ?

આપણા સંઘમા અનેક અનેક ધનાઢયો છે. આમાંથી ૨૫૦૦ જણા પણ ઓછામાં ઓછું એક લાખ રૂપિયાનું દાન આપે તો પણ ૨૫ કરોડ રૂપિયા સહેલાઈથી એકત્રિત થઇ જાય. તે ઉપરાંત આવતા ચોમાસા સુધી એક ઢોરને જીવાડવા માટે રૂા. ૧૫૦૦ જોઇએ. એક લાખ વ્યક્તિઓ પણ આવો લાભ લઈને એક લાખ ઢોર બચાવવાનું પુણ્ય કાર્ય કરી શકે. આટલું દાન આપનારા તો આપણા સંઘમાં ઘણા જ ઘણા ભાગ્યવાનો મળી રહે. આજના સંજોગોમાં આવું દાન દેનારા શ્રી જિનશાસનના મહાન પ્રભાવક અને આરાધક બનશે.... તમામ સંપત્તિ પુણ્યના પ્રભાવથી જ પ્રાપ્ત થાય છે. જીવદયાના પુણ્યકાર્યથી એ પુણ્યમાં અપાર વૃદ્ધિ થશે. — મુનિ જંબુવિજયજી

તંત્રી. શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only